# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-09-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અંબાજીમાંનો મેળો:

શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમ મહામેળાનો આજથી પ્રારંભ થયો છે. જિલ્લા કલેકટર મિહિર પટેલે માઁ અંબાના રથનું પૂજન અર્ચન કરી, રથને ખેંચી મેળાની શરૂઆત કરાવી હતી. કલેકટરશ્રીએ લાખો માઇભક્તોને મેળામાં આવકારતાં મા અંબા તેમની મનોકામના પૂર્ણ કરે અને મેળો નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી.

--------------------------------------------------------------------------------

## પોલીસ દ્વારા શાળા-કોલેજોની મુલાકાત:

ભુજમાં કોલેજીયન યુવતીની કરપીણ હત્યાના ઘેરા પ્રત્યાઘાત પડતાં પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસવડાની સૂચનાનાં પગલે પોલીસે વિવિધ શાળા-કોલેજની મુલાકાત લીધી હતી અને છાત્રાઓ તથા શાળા સંચાલકો-શિક્ષકોને સમજ આપી હતી. માધાપર અને ભુજ આસપાસની વિવિધ કોલેજ-શાળાઓની પોલીસે મુલાકાત લઈ શાળા-કોલેજ આસપાસ કોઈ પણ અસામાજિક તત્ત્વો દેખાય અથવા અન્ય કોઈ શંકાસ્પદ હિલચાલ નજરે પડે, તો તુરંત પોલીસ અને હેલ્પલાઈનનો સંપર્ક કરવા છાત્રાઓ તથા શાળાને સમજ અપાઈ હતી.

--------------------------------------------------------------------------------

## કચ્છમાં બલરામ જયંતિની ઉજવણી:

ભારતીય કિસાન સંઘ દ્વારા નખત્રાણા અને ગઢશીશા ખાતે બલરામ જયંતીની વિવિધ કાર્યક્રમ સાથે ઉજવણી કરાઇ હતી. બંને સ્થળે નીકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ખેડુતો

જોડાયા હતા. નખત્રાણામાં ભગવાન બલરામની જન્મજયંતી અખિલ ભારતીય કિસાન સંઘ સ્થાનિક સમિતિના ઉપક્રમે ઊજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે  નીકળેલી શોભાયાત્રામાં શણગારેલ ટ્રેક્ટર, રથમાં દેશની ઋષિ પરંપરા, ગુરુકુળ પ્રથામાં મળતું શિક્ષણ, આધુનિક ટેકનોલોજીથી ખેતીનો વિકાસ સહિતની વિવિધ ઝાંખીઓ રજૂ કરાઇ હતી. ગઢશીશા ખાતે બલરામ જયંતીની ઉજવણી અંતર્ગત કિસાન ચોકડી ખાતે આવેલ બલરામજીની મૂર્તિનું પૂજન કરાયૂ હતું.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ:

કચ્છમાં ગત વર્ષની તુલનાએ ઓગસ્ટના અંત સુધી કચ્છમાં 94 ટકા ઓછો વરસાદ પડયો છે. વીતેલા દાયકામાં 2016, 2018 અને 2021 બાદ આ વર્ષે ઓગસ્ટમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. જૂનમાં સામાન્યથી વધુ વરસાદ વરસ્યા બાદ જુલાઈમાં પાંચ વર્ષનો સૌથી ઓછો, તો ઓગસ્ટમાં પણ ગત વર્ષની તુલનાએ ઓછો વરસાદ પડયો છે. માસવાર જોવા જઈએ તો જૂન અને જુલાઈમાં 32 ટકા, ઓગસ્ટમાં 21 ટકા મળી અત્યાર સુધી 85 ટકા વરસાદ પડયો છે. 2024ની સાલમાં ઓગસ્ટના અંત સુધી 179 ટકા વરસાદ વરસી ચૂક્યો હતો.  આ વર્ષે ચોમાસું લાંબું ચાલે તેવાં હવામાન નિષ્ણાતોનાં અનુમાનને જોતાં સતત સાતમા વર્ષે 100 ટકા વરસાદ નોંધાઈ જાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

---------------------------------------------------------------------------------------------------

## અંજાર બસોનું લોકાર્પણ :

અંજારના એસટી બસ સ્ટેશન ખાતે અંજાર ધારાસભ્ય ત્રિકભાઇ છાંગાના હસ્તે બે બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. જિલ્લામાં નવી બસો ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવી રહી છે જે અંતર્ગત અંજાર ડેપોને બે નવી એક્સપ્રેસ બસ ફાળવવામાં આવી છે. બસનો રૂટ અંજારથી ગાંધીધામ, નારાયણસરોવરથી દ્વારકાનો રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-રાશનધારક-ઈ-કેવાયસી:

કચ્છ સહિત રાજ્યભરમાં એનએફએસએ રાશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસી કરાવવાનું ફરજીયાત કરાયૂ છે. 29મી ઓગસ્ટ સુધીની આંકડાકીય માહિતી અનુસાર કચ્છ જીલ્લામાં એનએફએસએ કાર્ડધારકોની ઇ-કેવાયસીની કામગીરી 88.56 ટકા પૂર્ણ થઇ છે. કચ્છમાં કુલ 11 લાખ 69 હજાર 161 એનએફએસએ સભ્યો નોંધાયેલા છે જે પૈકી 10 લાખ 35 હજાર 839 સભ્યોનું ઇ-કેવાયસી પૂર્ણ થયેલ છે. ઇ-કેવાયસીની 93.31 ટકા કામગીરી સાથે લખપત તાલુકો જિલ્લામાં મોખરે છે. જિલ્લા તંત્ર દ્વારા કાર્ડધારકોને સત્વરે ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરાવી લેવા અપીલ કરાઇ છે.

---

## કચ્છ-વન મહોત્સવ:

ભુજની કચ્છ યુનિવર્સિટી ખાતે આવતીકાલે 76માં વન મહોત્સવની  જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવશે. ગુજરાત રાજ્ય બાળ અધિકારી સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જર, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, સાંસદ વિનોદભાઇ ચાવડા અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. મહોત્સવ દરમિયાન વૃક્ષરોપણ સહિતના કાર્યક્રમો યોજાશે.

---

## નખત્રાણામાં મેળો:

નખત્રાણાના રામદેવપીરનાં મંદિર ખાતે આવતીકાલે રામદેવપીરનો મેળો યોજાશે. નગરપાલિકા આયોજીત ત્રિદિવસીય મેળાને આવતીકાલે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના અતિથિપદે ઉદઘાટન કરાશે. 3 સપ્ટેમ્બરના સંતવાણી અને મેળાના અંતિમ દિવસે 4 સપ્ટેમ્બરના મલ મલાખડો યોજાશે. સારા વરસાદના પગલે મેળામાં મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટશે તેવો અંદાજ છે.

---

## રાજ્યમાં વરસાદ:

હવામાન ખાતાએ આગામી પાંચ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ ચાર સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 91 ટકા જેટલો વરસાદ થયો. તેમાંથી સૌથી વધુ 95 ટકા જેટલો વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે.

---